# શિહોલી ગામમાં ઘરે કામ કરી રહેલી યુવતીનું વિજ કરંટથી મૃત્યુ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીકના ચિલોડા પાસે આવેલા શિહોલી ગામમાં પોતાના ઘરે કામ કરીરહેલી યુવતીનું વિજ કરંટથી મૃત્યુ થતાં ચકચાર મચી જવા પામી છે. જગદીશભાઈના ફાર્મ હાઉસે ઓરડીમાં રહેતી મુળ રાજસ્થાનની વતની ૨૮ વર્ષીય યુવતી સુધીબેન ધીરમભાઈ પ્રજાપતિ આજે સવારના અરસામાં ઘરકામ કરી રહી હતી. અચાનક છુટા વાયર સાથે હાથ અડકી જતાં વિજ કરંટ લાગ્યો હતો. તાત્કાલીક તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. પરંતુ ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. ચિલોડા પોલીસે અસ્માત મોતનો ગુનો દાખલ કરી પી.એસ.આઈ. એસ.પી. વાઘેલાએ વધુ તપાસ શરુ કરી છે.

# આર્ટ ઓફ લીવીંગ દ્વારા ૯મીથી બેઝીક કોર્ષનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૫

શ્રી શ્રી રવિશંકર પ્રેરીત સંસ્થા આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા ૧૮ વર્ષથી મોટા લોકો માટે બેઝીક કોર્ષનું આયોજન ૯મી ઓક્ટોબર-૨૦૧૨થી ૧૪મી ઓક્ટોબર-૨૦૧૨ સુધી બીજો માળ, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર દ્વારા છ દિવસનો બેઝીક કોર્ષ સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન ચાલશે. શિબિરમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયમ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃત્તિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# લવારપુર પાસે ટ્રેકટર પલ્ટી ખાતાં ૧૪ શ્રમિકો ઘાયલ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર પાસેના લવારપુર ગામથી પ્રાંતિયા ગામ તરફ જવાના માર્ગ પર શ્રમિકો ટ્રોલીમાં બેસાડીને ટ્રેકટર ચાલક ટ્રેકટર લઈને જઈ રહ્યો હતો ત્યારે લવારપુરના ખેતર પાસે ભાણોજી તળાવ નજીક ટ્રેકટરનું ટાયર અચાનક નીકળી જતાં ટ્રેકટર તથા ટ્રોલીમાં સવાર શ્રમિકો ઘવાયા હતાં. ટ્રેકટર પલ્ટી મારી જતાં તેમાં બેઠેલા ૧૪ શ્રમિકોને નાની મોટી ઈજાઓ થતાં તાત્કાલિક તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિલ સારવાર અર્થે લઈ જવાયા હતા. સદ્‌ભાગ્યે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

ડભોડા પોલીસે આ અકસ્માત અંગે ગુનો દાખલ કરીને સઘન તપાસ શરુ કરી છે.

# કોલવડામાં આડા સંબંધની શંકાને પગલે પત્નિએ પતિને ચપ્પુ માર્યું

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં કાકાનાં માઢમાં રહેતા બળવંતસિંહ પૃથ્વીસિંહ ઝાલા તથા તેમની પત્નિ ફુલાબેન બંનેને પરસ્પર એકબીજા પર અન્ય સાથે આડા સંબંધ હોવાની શંકાને પગલે ગઈ કાલે બંને વચ્ચે માથાકુટ થઈ હતી. ઉશ્કેરાઈ ગયેલી પત્ની રસોડામાંથી ચપ્પુ લઈ આવી અને પતિના ગળે હુલાવી દેતા ગંભીર ઈજાને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતાં. જો કે તેમની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પેથાપુર પોલીસે પતિનિ વિરૂદ્ધ પતિને ચપ્પુ મારીને ખુનના પ્રયાસ અંગે ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી શરુ કરી છે.

# જિલ્લા ચૂંટણી અધિકારી પી સ્વરૂપના અધ્યક્ષસ્થાને જિલ્લાના મિડિયા પ્રતિનિધિઓની બેઠક યોજાઈ



ગાંધીનગર, તા. ૫

સમગ્ર જિલ્લામાં આર્દશ આચાર સંહિતાનો અમલ થાય અને લોકોમાં આચાર સંહિતાને લઈ લોક જાગૃતિ કેળવાય તેવા આશયથી ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પી. સ્વરૂપની અધ્યક્ષતામાં આજરોજ જિલ્લાના પત્રકારો સાથે એક બેઠક જિલ્લા સેવા સદનના મીટિંગ હોલમાં મળી હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપે જણાવ્યું હતું કે, જિલ્લાના ૩૪- દહેગામ, ૩૫- ગાંધીનગર (દ), ૩૬- ગાંધીનગર (ઉ), ૩૭- માણસા અને ૩૮- કલોલ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ઓકટોબર-૨૦૧૨ના રોજ યોજાનાર છે. તા. ૩ ઓકટોબર-૨૦૧૨થી સમગ્ર જિલ્લામાં આદર્શઆચાર સંહિતા અમલી બની છે. જે અંતર્ગત હાલમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નવા કામો, અધિકારી-કર્મચારીઓની બદલી અને રજા જેવી અનેક બાબતો પરત્વે રાજય ચૂંટણી પંચની સૂચનાઓનું ચૂસ્ત રીતે પાલન થાય તે અંગે ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તે સિવાય જિલ્લાની પાંચ વિધાનસભા સીટ પર પણ આચાર સંહિતાના કડક અમલીકરણ માટે વિવિધ ટીમોની રચના કરવામાં આવી છે. જેમાં સ્ટેટીક સર્વેલન્સની ૩૫ ટીમ, વીડિયો વ્યુવીંગની ૬ ટીમ, વીડિયો સર્વેલન્સની ૨૫ ટીમ, ફલાઈંગ સ્કવોર્ડની ૭ ટીમ, એકાઉન્ટીંગની ૬ ટીમ મળી કુલ ૭૯ ટીમોની રચના કરવામાં આવી છે. આ તમામ ટીમોમાં પોલીસના કર્મચારીઓ સહિત કુલ- ૫૦૦ જેટલા કર્મચારીઓ ફરજ બજાવશે. જિલ્લામાં આચાર સંહિતાના અમલ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી આર.વી.ત્રિવેદીની નોડલ ઓફિસર તરીકે નિમંણૂક કરવામાં આવી છે. આ તમામ ટીમો કેવી રીતે કાર્ય કરશે, તેની પણ વિસ્તૃત વાત કરી હતી. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, ચૂંટણી દરમ્યાન ખર્ચના નિયંત્રણ માટે આ ચૂંટણીમાં સૌ -થમ વાર એકસ્પેન્ડિચર મોનિટરિંગ ટીમની રચના કરવામાં આવી છે.

આ ટીમના ચીફ કો-ઓર્ડિનેટર તરીકે જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે.ભટ્ટની નિમંણૂક કરવામાં આવી છે. આ ચૂંટણી -ક્રિયામાં સૌ -થમ વાર જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ કામગીરી કરવાના છે. આદર્શ આચાર સંહિતા અમલીકરણ માટે જિલ્લા માંથી કુલ- ૧૦૦૦ જેટલા બેનર, હોર્ડિંગ્સ અને ભીત ચિત્રો નાબૂદ કરવામાં આવ્યા છે. મતદાન અંગેની લોકોમાં જાગૃતિ લાવવા અંગે પણ વિવિધ કાર્યક્રમોનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપે વધુમાં ભાર પૂર્વક જણાવ્યું હતું કે, નવા મતદાતાઓના નામની નોંધણી, મતદાન કાર્ડમાં નામ, સરનામા જેવી અન્ય વિગતોની સુધારો કરવાની કામગીરી ચાલુ છે. આ કામગીરી તા. ૨૦ નવેમ્બર-૨૦૧૨ સુધી ચાલુ રહેશે. ગાંધીનગર જિલ્લા ખાતે એક ટોલ ફ્રી અને હેલ્પ લાઈન શરૂ કરવામાં આવી છે. ટ્રોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૧૦૩૧ છે. આ નંબર ઉપરથી કોઈ પણ વ્યક્તિ પોતાની ફરિયાદ કે માહિતી આપી શકશે. તે ઉપરાંત જિલ્લામાં ટેલીફોન નંબર- ૨૩૨ ૫૧૨૪૩ પણ કાર્યરત છે. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર મનસુરીએ મતદારોની આંકડાકીય વિગતો આપી હતી. આ બેઠકમાં નિવાસી નાયબ કલેકટર શ્રી એમ.ડી મોડિયા પણ ઉપસથિ

# સરકારી ટેકનિકલ વાહનો આઉટ સોર્સિંગથી દોડાવાશે

## લગ્નવાડી અને બાલોદ્યાનની મરામત માટે પણ આઉટ સોર્સિંગથી મેનપાવર પુરો પડાશે

ગાંધીનગર, તા. ૫

હવે જાહેર સ્થળોએ સરકારી ટેકનિકલ વાહનો દોડાવવા માટે આઉટ સોર્સિંગથી કામ હાથ ધરાશે. જે.સી.બી., ટ્રેક્ટર, રોડરોલર સહિતના વાહનોને મેનપાવર પુરો પાડવા રૂ. ૮ લાખનો ખર્ચ કરવામાં આવશે. શહેરમાં વિવિધ કામગીરીને અનુલક્ષીને જરૂરી સમયે ઉપયોગમાં લેવાતા ટેકનીકલ વાહનો દોડાવવા માટે પાટનગર યોજના વિભાગ આઉટ સોર્સિંગની મદદ લેશે. જેમાં જે.સી.બી. મશીન, ટ્રેક્ટર, રોડરોલર તેમજ રોડસ્વીપીંગ મશીન સહિતના મશીન માટે જરૂરી ઓપરેટર, ડ્રાઈવર સહિતનો મેનપાવર પુરો પાડવાનું કામ આઉટ સોર્સિંગથી કરવામાં આવશે. આ માટે રૂ. ૮ લાખનો ખર્ચ પણ નિયત કરવામાં આવ્યો છે. જ્યારે લગ્નવાડી અને બાલોદ્યાનની રોજબરોજની જરૂરી મરામત માટે પણ આઉટસોર્સિંગથી મેનપાવર રોકવામાં આવશે. જેના માટે રૂ. ૧૪.૩૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. થોડા સમય અગાઉ શહેરના સુવિધા કેન્દ્રોને પણ આઉટ સોર્સિંગની મદદથી લોકઉપયોગી બનાવવાનો અભિગમ અપનાવવાની વિચારણા હાથ ધરવામાં આવી હતી. જ્યારે સે. ૨૩ સુવિધા કેન્દ્રને આઉટ સોર્સિંગથી કાર્યરત કરી દેવાયું છે. પાટનગર યોજના ભવનના તંત્ર પાસે આમ પણ મેનપાવરનો અભાવ વર્તાઈ રહ્યો છે. ત્યારે આઉટ સોર્સિંગથી કામ લેવાની ગતિવિધિઓ તેજ બનાવી દેવાઈ છે.

# જુ.સિ.કા. દ્વારા ૭મીએ અનામી મૃતકોની શ્રાદ્ધ વિધિ અને સત્યનારાયણ કથા યોજાશે

ગાંધીનગર, તા.૫

જુનિયર સિટીઝન કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા અનામી મૃતકોની શ્રાદ્ધ વિધિ અને સત્યનારાયણ ભગવાનની કથાનો કાર્યક્રમ તા. ૭મી ઓકટોબર ૨૦૧૨ને રવિવારે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન ગાયત્રી મંદિર, સેકટર-૧, ગાંધીનગર ખાતે યોજાશે.

વર્ષ દરમિયાન જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા ૨૪ બિનવારસી મૃતકોની અંતિમ વિધિ કરવામાં આવી છે. તેમજ સંસ્થા દ્વારા આ આયોજનમાં અંધશાળા, મુકબધીર શાળા, મંદબુદ્ધિ શાળા, અનાથ આશ્રમ બાળકો, એચ.આઈ.વી. અસરગ્રસ્ત બાળકો, ઓબ્ઝર્વેશન હોમના બાળકો તેમજ વૃદ્ધાશ્રમના વૃદ્ધોને ભોજનથી તૃપ્ત કરવામાં આવશે.

ગાંધીનગરના સેવાપ્રેમી નગરજનોને આ કાર્યક્રમમાં હાજર રહેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ગાંધીનગરના તંત્રવાહકો માહિતી આયોગને ઘોળીને પી જાય છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં ઘ-૬, ઘ-૫, સેકટર-૨૮ બાગ તથા અન્ય જગ્યાએ ધમધમતાં અને અસંખ્ય લોકો જ્યાં દરરોજ આવનજાવન કરે છે ત્યાં પણ જાહેર શૌચાલયો લાખોનાં ખર્ચે બાંધકામ થયેલ છે. પરંતુ સંચાલન થતું નથી. જે અંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ગાંધીનગરના પ્રમુખ શ્રી અરૂણ બુચ તથા સુધીર દેસાઈએ માહિતી મેળવવાના અધિકાર હેઠળ માહિતી માંગવામાં આવેલ હતી. વર્ષ ૨૦૦૦માં માહિતી આયોગે માર્ગદર્શક રેખા તથા સુચનાઓ વિયામકશ્રી નગરપાલિકા, કલેકટરશ્રી, અને પાટનગર યોજનાના અધિક્ષક ઈજનેરશ્રીને ચુકાદામાં સૂચનાઓ આપી છે. પરંતુ તંત્રના માંધાતાઓ કુંભકર્ણની નિંદ્રામાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરવા રસ દાખવેલ નથી. તા. ૩જી ઓગષ્ટ, ૩જી ઓકટોબરે માહિતી આયોગે રૂબરૂમાં સુનાવણી રાખેલ હતી. પરંતુ આ પ્રશ્ન અંગે કોઈ રસ નથી. તેને રસ દાખવેલ નથી.

માહિતી આયોગમાં પુનઃ અરૂણ બુચે રજૂઆત કરી હતી. નગરની પ્રજા અને બહારગામથી આવતાં મુલાકાતીઓને આવશ્યક સેવાઓ વિના વિલંબે ચાલુ કરાવવા અને સંચાલકો દ્વારા શોચાલયો શરૂ કરવા માટે રજૂઆત કરી હતી. સે-૬નાં રહેવાસીઓ રોજ બહોજ રજૂઆતો કરે છે. છતાં આ ગંભીર પ્રશ્ન ગંભીરતાથી લેવામાં આવતો ન હોવાથી વ્યાપક લાગણી પ્રવર્તી રહી છે. જેનો યુધ્ધના ધોરણે નિકાલ કરવા માંગણી કરવામાં આવી છે.

# દલિત સમાજના શહીદ યુવાનોનો ૭મીએ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૫

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. તેમજ પોલીસ ફોર્સે દલિત સમાજ ઉપર બેરહમીપૂર્વક ગોળીબાર કરતા દલિત સમાજના નવ યુવાનોનું પોલીસની ગોળીઓએ વિંધાઈ જતાં મૃત્યુ થયું છે. આ બનાવ સંદર્ભે દલિત શહિદ યુવાનોને ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ તા. ૭મી ઓકટોબર ૨૦૧૨ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે ડૉ. આંબેડકર ભવન, સમિતિ ખંડ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા યોજાનાર શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં દલિત સેનાના હોદ્દેદારો, સભ્યો તેમજ દલિત સમાજની સંસ્થાઓના આગેવાનોને ઉપસ્થિત રહેવા ગાંધીનગર જિલ્લા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલા અને શહેર પ્રમુખ જયંતિલાલે જણાવ્યું છે.

# આચારસંહિતાને કારણે ફેઝ-૨નો અમલ સ્થગિત

## રોડ રીસરફેસના કામો ચાલુ રહેશે

અમદાવાદ, તા. ૫

ગુજરાત વિધાનસભા ચૂંટણી આચારસંહિતાનો અમલ શરુ થઈ ગયો હોવાથી હવે શહેરમાં મોડેલ રોડ ફેઝ ૨ નો અમલ નહિ થઈ શકે.

મ્યુનિસિપલ કમિશનર ડો. જી. મહાપાત્રએ આજે જણાવ્યું હતું કે, ચૂંટણી આચારસંહિતાનો અમલ શરુ થઈ જતાં હવે શહેરમાં કોઈ નવા કામો શરુ કરવામાં આવશે નહિં. જેમાં મોડેલ રોડ ફેઝ-૨નો સમાવેશ થાય છે. જો કે હાલમાં જે કામો ચાલી રહ્યા છે તે ચાલુ રાખવામાં આવશે. રોડ રીસરફેસના કામો તા. ૧ ઓક્ટોબરથી શરુ થઈ ગયા હોવાથી તે કામો ચાલુ રહેશે. ચૂંટણી આચારસંહિતાને કારણે કોર્પોરેશને શહેરમાંથી ૨૩ હોર્ડિંગ્સ, ૧૬૮૧ બેનર્સ, ૧૫૮૫ પોસ્ટર્સ ૧૪૫૦ કટઆઉટ્સ ઉતારી લીધા છે. આ ઉપરાંત દિવાલ પરનું ૫૬૩૩ ક્યુબીક મીટર લખાણ પર કુચડો લગાવવામાં આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શહેરમાં ૮૪ ટ્રાફીક પોઈન્ટ પર ઈલેક્ટ્રોનિક સિગ્નલ છે પરંતુ હાલમાં તે બંધ છે. કારણ કે કોલકત્તાની કંપનીને તેની જવાબદારી સોંપવામાં આવી હતી. પરંતુ આ કંપની કામ અધૂરું છોડીને જતી રહી છે. હવે આખી સિસ્ટમ અન્ય કોઈ કંપનીને આપવાની વિચારણા ચાલી રહી છે.

# અનુસૂચિત જાતિ એકતામંચ દ્વારા થાનગઢના મૃતકોને શ્રધ્ધાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૫

સુરેન્દ્રનગર જિલ્લા થાનગઢ મુકામે પોલીસ ફાયરીંગમાં અનુસૂચિત જાતિના ત્રણ યુવાનો પ્રકાશ, મેહુલ, અને પંકજકુમારના દુઃખદ અવસાન થયા હતા. તેઓની શ્રધ્ધાંજલિ સભા તા.૭મી એ રવિવારે આંબેડકર હૉલમાં સવારે નવ વાગે રાખવામાં આવેલ છે. સૌ સભ્યોને હાજર રહેવા અનુસૂચિત જાતિ એકતામંચે જાણ કરેલ છે.

# શહેરના સરકારી આવાસોમાં મોડર્ન લૂક આપતા ફ્લશ ડોર બનાવાશે

## સે-૧૬ અને ૧૭માં વિવિધ કક્ષાના આવાસમાં કામ હાથ ધરવા અંદાજિત ૨૫ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર, તા.૫

શહેરના સરકારી આવાસોમાં મોર્ડન લૂક આપતા ફ્લશ ડોર લગાવાશે. સે-૧૬ અને ૧૭માં વિવિધ કક્ષાના આવાસમાં આ પ્રકારના ડોર્સ લગાવવા માટે અંદાજિત રૂ. ૨૫ લાખનો ખર્ચ કરાશે.

શહેરમાં સ્થિત હજારો સરકારી આવાસોના મજબૂતીકરણનું તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. સેકટરોમાં વિવિધ કેટેગરીના ૧૬ હજાર જેટલા આવાસો સ્થિત છે જયારે આ પૈકી મજબૂતીકરણ અન્વયે ૪૦ ટકા કામગીરી પણ માંડ થઈ શકી છે. જયારે હાલની સ્થિતિએ મોટાભાગના આવાસોમાં હજુ મજબૂતીકરણની કામગીરી બાકી છે. બીજી તરફ શહેરમાં નિકાલ હેઠળના મકાનો સંદર્ભે પણ કોઈ નિર્ણય લેવાતો નથી. જયારે થોડા સમય અગાઉ હાથ ધરાયેલા સર્વે દરમિયાન પણ ભયજનક આવાસો ધ્યાને આવતા અમુક મકાનો તોડી પાડવાનો પણ નિર્ણય લેવાયો છે. પાટનગર યોજના વિભાગ દ્વારા આવાસ મજબૂતીકરણની યોજના અન્વયે સેકટરોમાં સ્થિત સરકારી મકાનોમાં મોર્ડન લૂક આપવા ફ્લશ ડોર લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સે-૧૬માં ચ, છ, જ-૨ પ્રકારના આવાસોમાં આ કામગીરી હાથ ધરવા રૂ. ૧૧.૬૭ લાખનો ખર્ચ કરવામાં આવશે. જયારે સે-૧૭માં પણ ચ, છ, જ, ઘ અને ઘ-૧ કક્ષાના મકાનોમાં ફ્લશ અને ગ્લેઝ્ડ ડોરને અનુલક્ષી રૂ. ૧૨.૩૬ લાખનો ખર્ચ કરાશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૪

સૂર્યાસ્ત : ૬.૨૨

## તાપમાન

મહત્તમ : ૩૬.૨ ડિ.સે. લઘુત્તમ : ૨૪.૬ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦
બર્ફી : ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦,
ઓહ ! માય ગૉડ : ૯.૩૦
: સ્ક્રીન-૩ :
કિસ્મત લવ પૈસા દિલ્લી : ૯.૦૦, ૪.૪૫
ઓહ ! માય ગૉડ : ૧૧.૩૦, ૨.૧૫
ઈંગ્લીશ વિંગ્લીશ : ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૦.૪૫, ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૩૦
ઓહ ! માય ગૉડ : ૬.૪૫

### સૂર્યા, વાવોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઈંગ્લીશ વિંગ્લીશ : ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૦.૪૫, ૩.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ઓહ! માય ગૉડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૧૫
કમાલ ધમાલ માલામાલ : ૧૧.૩૦, ૬.૧૫

### ચિરાગ, કલોલ

મારા રૂદિયે વાલા બાપા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે. પૂર્ણ રીતે અભ્યાસ કર્યા વગર કોઈપણ પ્રકારનું સાહસ ન કરવું.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

## ચિરવિદાય

- સ્વ. પટેલ અંબાલાલ માધવલાલ (ઉ.વ.૮૫) મુ.પો. ચીલોડા મોટા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. પરમાર રેશ્માબેન અલકેશભાઈ (ઉ.વ.૨૧) મુ.પો.ઈન્દ્રોડા, તા., જિ.ગાંધીનગર